## એસબીઆઈ લાઈફ – સરલ પેન્શન શા માટે?

સ્વયં પ્રત્યે ઉદાર બનો અને તમે કાયમ ઈચ્છતા હતા એવું જીવન વ્યતિત કરો, નિવૃત્તિ પછી પણ એસબીઆઈ લાઈફ–સરળ પેન્શન સાથે, જે તમને આપે છે નિયમિત આવક સાથે રીટર્ન ઑફ પર્ચેઝ પ્રાઈસ તમારે કોઈપણ બાંધછોડ કરવાની જરૂર વગર. આ પ્લાન તમને થોડાં સરળ પગલાં સાથે આર્થિક સ્વતંત્રતા આપે છે જેથી તમારું નિવૃત્ત જીવન તમે આનંદથી જીવી શકો. એસબીઆઈ લાઈફ–સરલ પેન્શન સિંગલ પ્રીમિયમ, વ્યક્તિગત, નૉન–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ, ઈમીડિયેટ એન્યુઈટી પ્રોડક્ટ છે.

## મુખ્ય વિશેષતાઓ

- તમારી નિવૃત્તિ માટેની સલામતી સ્ટાન્ડર્ડ ઈમીડિયેટ એન્યુઈટી પ્લાન સાથે.
- ઉપલબ્ધ રીટર્ન ઑફ પ્રીમિયમ વિકલ્પો માંથી પસંદગી કરો: સિંગલ લાઈફ અથવા જોઈન્ટ લાઈફ એન્યુઈટી.
- આર્થિક જરૂરિયાતના કિસ્સામાં લોન સુવિધા મેળવવાનો વિકલ્પ.
- નિર્દિષ્ટ ક્રિટિકલ ઈલનેસનું નિદાન થવા પર સરન્ડર સુવિધાનો લાભ મેળવવાનો વિકલ્પ.

## પાત્રતા માપદંડો

| | ઓછામાં ઓછા | વધુમાં વધુ |
|---|---|---|
| **પ્રવેશ સમયે ઉંમર* (છેલ્લા જન્મદિવસ મુજબ)** | 40 વર્ષ | 80 વર્ષ |
| **પ્રીમિયમ** | એ રીતે કે ઓછામાં ઓછા એન્યુઈટી હપ્તાઓ એન્યુઈટી ચૂકવણી પ્રકાર મુજબ ચૂકવી શકાય છે | કોઈ સીમા નહીં, બોર્ડ માન્ય અંડરરાઈટિંગ પૉલિસી અનુસાર |
| **ઓછામાં ઓછા એન્યુઈટી પેઆઉટ (પ્રતિ હપ્તો)** | માસિક : ₹1,000 ׀ અર્ધ–વાર્ષિક : ₹6,000<br>ત્રિમાસિક : ₹3,000 ׀ વાર્ષિક : ₹12,000 | કોઈ સીમા નહીં, બોર્ડ માન્ય અંડરરાઈટિંગ પૉલિસી અનુસાર |
| **પ્રીમિયમ ચૂકવણી મુદત** | સિંગલ પ્રીમિયમ | |
| **એન્યુઈટી ચૂકવણી પ્રકાર** | માસિક અથવા ત્રિમાસિક અથવા અર્ધ–વાર્ષિક અથવા વાર્ષિક | |

*ઉપર જણાવેલી જોઈન્ટ લાઈફ એન્યુઈટીઝ માટેની દરેક ઘટનાઓમાં ઉંમર મર્યાદા બંને લાઈવ્સ માટે લાગુ રહે છે.

## એન્યુઈટી વિકલ્પો

એન્યુઈટી પેઆઉટ ગૅરંટેડ દરે એન્યુઈટંટના જીવનકાળ સુધી ચાલુ રહેશે. એન્યુઈટંટ તરીકે, તમે નીચે જણાવેલા લાઈફ એન્યુઈટી વિકલ્પો પસંદ કરી શકો છો :

1. **લાઈફ એન્યુઈટી 100% રીટર્ન ઑફ પર્ચેઝ પ્રાઈસ** (આરઓપી) સાથે :** એન્યુઈટંટના જીવનકાળ સુધી સ્થાયી દરે એરીઅર્સમાં એન્યુઈટી ચૂકવવાપાત્ર રહે છે.
   - એન્યુઈટંટનું મૃત્યુ થવા પર, બધાં જ ભાવિ એન્યુઈટી પેઆઉટ્સ તરત જ બંધ થઈ જાય છે અને નોમિની/કાયદેસરના વારસને પર્ચેઝ પ્રાઈસ પાછી ચૂકવી દેવામાં આવે છે.
2. **જોઈન્ટ લાઈફ લાસ્ટ સર્વાઈવર એન્યુઈટી લાસ્ટ સર્વાઈવરનું મૃત્યુ થવા પર 100% રીટર્ન ઑફ પર્ચેઝ પ્રાઈસ** (આરઓપી) સહિત:**
   - પ્રાયમરી એન્યુઈટંટ જીવીત હોય ત્યાં સુધી સ્થાયી દરે એન્યુઈટી એરીઅર્સમાં ચૂકવવાપાત્ર રહે છે.
   - પ્રાયમરી એન્યુઈટંટનું મૃત્યુ થવા પર, જો પતિ/પત્ની જીવીત હોય તો પતિ/પત્ની તેના/તેણીના મૃત્યુ સુધી એન્યુઈટીની એ જ રકમ મેળવતા રહે છે.
   - લાસ્ટ સર્વાઈવરનું મૃત્યુ થવા પર પર્ચેઝ પ્રાઈસ નોમિની/કાયદેસરના વારસાઈને ચૂકવવાપાત્ર રહે છે.
   - જો પ્રાયમરી એન્યુઈટંટ પહેલા જ પતિ/પત્ની મૃત્યુ પામ્યા હોય તો, પ્રાયમરી એન્યુઈટંટનું મૃત્યુ થવા પર,પર્ચેઝ પ્રાઈસ નોમિની/કાયદેસરના વારસોને ચૂકવવાપાત્ર રહેશે.

**નોંધ :** પ્રીમિયમની રકમમાં એન્યુઈટી કોન્ટ્રાક્ટ ઈશ્યુ/રી–ઈશ્યુ કરતી વખતે ચૂકવવાપાત્ર લાગુ કરવેરાની રકમ સામેલ નથી, પૉલિસી હેઠળ મળતા લાભો સલામત રાખવા.
**પર્ચેઝ પ્રાઈસનો અર્થ છે પૉલિસી હેઠળનું પ્રીમિયમ (લાગુ થતા કરવેરા, અન્ય કાનૂની શુલ્કો જો કોઈ હોય તો તે સિવાય). શબ્દ પર્ચેઝ પ્રાઈસ અને પ્રીમિયમનો ઉપયોગ પરસ્પર કરવામાં આવે છે.

## નમૂનો એન્યુઈટી લાભ દૃષ્ટાંત

**વાર્ષિક એન્યુઈટી ચૂકવણી 60 વર્ષની ઉંમરે ₹10 લાખની ખરીદ કિંમતે (લાગુ થતા કરવેરા સિવાય)**

| એન્યુઈટી વિકલ્પ | વાર્ષિક એન્યુઈટી રકમ* | ખરીદ કિંમતના % ઉંમર તરીકે એન્યુઈટી રકમ | ડેથ બેનિફિટ |
|---|---|---|---|
| લાઈફ એન્યુઈટી 100% રીટર્ન ઑફ પર્ચેઝ પ્રાઈસ (આરઓપી) સાથે | ₹54,148 | 5.41 | ₹10,00,000 |
| જોઈન્ટ લાઈફ લાસ્ટ સર્વાઈવર એન્યુઈટી લાસ્ટ સર્વાઈવરનું મૃત્યુ થવા પર 100% રીટર્ન ઑફ પર્ચેઝ પ્રાઈસ (આરઓપી) સહિત | ₹53,481 | 5.35 | ₹10,00,000 |

*જોઈન્ટ લાઈફ માટે બંને એન્યુઈટંટ્સ માટે સમાન ઉંમર ધ્યાનમાં લેવામાં આવી છે.

## વળતર પર પ્રતિબંધ

**વખતો વખત સુધારો કરાતી વીમા ધારા 1938ની કલમ 41 :**

ક) કોઈપણ વ્યક્તિએ કોઈપણ વ્યક્તિને જીવન અથવા ભારતમાં મિલ્કત સંબંધિત કોઈપણ પ્રકારના જોખમો સંદર્ભે વીમો લેવા અથવા રિન્યુ કરવા અથવા ચાલુ રાખવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ચૂકવવાપાત્ર કમિશનની પૂરેપૂરી અથવા આંશિક રકમનું વળતર અથવા પૉલિસીમાં દર્શાવેલા પ્રીમિયમની કોઈપણ છૂટ પ્રલોભન તરીકે આપવી કે આપવા ન દેવી જોઈએ, ન તો પૉલિસી લેનાર, રિન્યુ કરનાર અથવા ચાલુ રાખનાર વ્યક્તિએ આવી કોઈપણ છૂટ સ્વીકારવી જોઈએ સિવાય કે વીમો કરનારના પ્રકાશિત કરાતા પ્રોસ્પેક્ટસ અથવા ટેબલો અનુસાર માન્ય છૂટ હોય.

ખ) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે ₹10 લાખ સુધી વધી શકે છે.

**Toll-free No.:** 1800 267 9090 | SMS '**LIBERATE**' to 56161 | **Email:** info@sbilife.co.in | **Web:** www.sbilife.co.in
(Between 9.00 am & 9.00 pm)

એસબીઆઈ લાઈફ – સરલ પેન્શન સિંગલ પ્રીમિયમ, વ્યક્તિગત, નૉન–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ, ઈમીડિયેટ એન્યુઈટી પ્રોડક્ટ છે.

**છેતરામણીભર્યા ફોન કૉલ્સ અને કાલ્પનિક/છેતરપીંડીવાળી ઓફરોથી સાવધ રહો :**
IRDAI, ઈન્શ્યૉરન્સ પૉલિસી વેચવી, બોનસ જાહેર કરવા કે પ્રીમિયમનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જેવી ગતિવિધીઓ સાથે સંકળાયેલી નથી. આવા કૉલ્સ મેળવનાર જાહેર જનતાને વિનંતી છે કે તેઓ પોલિસમાં તેની ફરિયાદ કરે.

જોખમી પરિબળો તથા નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે વેચાણનો નિર્ણય કરતા પહેલા કૃપા કરી સેલ્સ બ્રોશર કાળજીપૂર્વક વાંચો. એન્યુઈટી લાભો એન્યુઈટંટે પસંદ કરેલા એન્યુઈટી વિકલ્પ અને એન્યુઈટી ચૂકવણીના પ્રકાર તેમ જ એન્યુઈટી ખરીદતી વખતે પ્રવર્તમાન એન્યુઈટી દરો પર આધાર રાખે છે અને તે એન્યુઈટંટ(ટો) ને ચૂકવી દેવામાં આવશે. ઉપર દર્શાવેલ ટ્રેડ લોગો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનો છે અને એસબીઆઈ લાઈફ દ્વારા લાઈસન્સ હેઠળ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એસબીઆઈ લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કૉર્પોરેટ ઑફિસ : નટરાજ, એમ. વી. રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે જંક્શન, અંધેરી (પૂર્વ), મુંબઈ– 400 069. | **IRDAI રજિ. નં. 111** | CIN:L99999MH2000PLC129113.

NW/2R/ver1/01/22/SP/GUJ